# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-11-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : SUNDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

**સમાચાર જયેશ વેગડા વાંચે છે.**

*****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આફ્રિકાના બે દેશોની સત્તાવાર મુલાકાતના પ્રથમ તબક્કામાં અંગોલામાં પહોંચ્યા
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરાખંડમાં આઠ હજાર કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કરશે
3) બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે પ્રચાર આજે સાંજે સમાપ્ત થશે.
4) ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે મુક્ત વેપાર કરાર પર ચોથા તબક્કાની વાટાઘાટો પૂર્ણ થઈ
5) રશિયાએ ગતરાત્રે યુક્રેન પર ડ્રોન અને મિસાઇલોથી કરેલા હુમલામાં સાત લોકો માર્યા ગયા અનેક ઇજાગ્રસ્ત

*****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# PREZ-AFRICA VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આફ્રિકાના બે દેશોની સત્તાવાર મુલાકાતના પ્રથમ તબક્કામાં અંગોલામાં પહોંચ્યા છે. તેઓ ગઈકાલે રાત્રે ભારતીય સમય મુજબ રાત્રે 11 વાગ્યે રાજધાની લુઆન્ડા પહોંચ્યા હતા. ભારતીય રાષ્ટ્રપતિ દ્વારા અંગોલાની આ પહેલી મુલાકાત છે. બંને દેશો આ વર્ષે રાજદ્વારી સંબંધોની 40મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યા છે. આ વર્ષે બંને દેશો વચ્ચે આ બીજી ઉચ્ચ-સ્તરીય બેઠક છે. મે મહિનાની શરૂઆતમાં, અંગોલાના રાષ્ટ્રપતિ ભારતની મુલાકાતે આવ્યા હતા.

રાષ્ટ્રપતિ મુર્મુ આજે લુઆન્ડાના રાષ્ટ્રપતિ ભવનમાં અંગોલાના રાષ્ટ્રપતિ જોઆઓ મેન્યુઅલ ગોન્જાલિવ્સ લોરેન્કો સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. મે મહિનામાં નવી દિલ્હીમાં યોજાયેલી અગાઉની ઉચ્ચ-સ્તરીય વાટાઘાટો દરમિયાન બંને દેશો વચ્ચે ચર્ચા કરાયેલા મુદ્દાઓને આગળ ધપાવશે તેવી શક્યતા છે.

રાષ્ટ્રપતિ મુર્મુ અંગોલાના પચાસમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે. તેઓ અંગોલાની સંસદને પણ સંબોધિત કરશે અને અંગોલામાં ભારતીય સમુદાય સાથે વાતચીત કરશે.

રાષ્ટ્રપતિ મુર્મુ તેમની મુલાકાતના બીજા તબક્કામાં અગિયારમી નવેમ્બરે બોત્સ્વાના જશે. તેઓ બોત્સ્વાના રાષ્ટ્રપતિ ડુમા બોકો સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે.

અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ...

**(બાઇટ – વિશાલ)**

.

. . . . . . . . .

# PM-DEHRADUN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરાખંડ રાજ્યની સ્થાપનાના રજત જયંતીના સમારોહમાં ભાગ લેવા માટે દહેરાદૂનની મુલાકાત લેશે. પ્રધાનમંત્રી આ પ્રસંગે એક સ્મારક ટપાલ ટિકિટ પણ બહાર પાડશે. શ્રી મોદી એક સભાને પણ સંબોધિત કરશે. પ્રધાનમંત્રી આઠ હજાર કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. જેમાં પીવાનું પાણી, સિંચાઈ, ટેકનિકલ શિક્ષણ, ઉર્જા, શહેરી વિકાસ, રમતગમત અને કૌશલ્ય વિકાસનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રી પીએમ પાક વીમા યોજના હેઠળ અઠ્ઠાવીસ હજાર થી વધુ ખેડૂતોના બેંક ખાતાઓમાં 62 કરોડની સહાય પણ ટ્રાન્સફર કરશે.

પ્રધાનમંત્રી દ્વારા આજે ઉદ્ઘાટન થનારા પ્રોજેક્ટ્સમાં અમૃત યોજના હેઠળ દહેરાદૂન પાણી પુરવઠા સુવિધા , પિથોરાગઢ જિલ્લામાં વીજળી સબસ્ટેશન , સરકારી ઇમારતોમાં સૌર ઉર્જા પ્લાન્ટ અને નૈનીતાલમાં હલ્દવાની સ્ટેડિયમ ખાતે એસ્ટ્રોટર્ફ હોકી મેદાનનો સમાવેશ થાય છે. શ્રી મોદી બે મુખ્ય જળ ક્ષેત્રની યોજના સોંગ ડેમ પીવાના પાણી પ્રોજેક્ટ અને નૈનીતાલમાં જામરાની ડેમ બહુહેતુક પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. અન્ય પ્રોજેક્ટ્સમાં પાવર સબસ્ટેશન , ચંપાવતમાં મહિલા રમતગમત કોલેજની સ્થાપના અને નૈનિતાલમાં અત્યાધુનિક ડેરી પ્લાન્ટનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . . . .

# PM-BHUTAN VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અગિયારમી નવેમ્બરથી ભૂટાનની બે દિવસીય મુલાકાતે જશે. આ મુલાકાત દરમિયાન , શ્રી મોદી અને ભૂટાનના રાજા જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચુક બારસો  મેગાવોટના પુનાત્સાંગચુ-II જળવિદ્યુત પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે. ભારત અને ભૂટાને સંયુક્ત રીતે આ પ્રોજેક્ટ વિકસાવ્યો છે. પ્રધાનમંત્રી ભૂટાનના ચોથા રાજા જિગ્મે સિંગ્યે વાંગચુકની ૭૦મી જન્મજયંતિ નિમિત્તે યોજાનારી ઉજવણીમાં પણ ભાગ લેશે અને ભૂટાનના પ્રધાનમંત્રી શેરિંગ ટોબગેને મળશે.

શ્રી મોદી વૈશ્વિક શાંતિ પ્રાર્થના સમારોહમાં ભાગ લેશે અને થિમ્ફુમાં તાશીચોડઝોંગ ખાતે પવિત્ર અવશેષોની પૂજા અર્ચના કરશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીની મુલાકાત બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય ભાગીદારીને વિસ્તૃત અને મજબૂત કરવા અને પરસ્પર હિતના પ્રાદેશિક અને વ્યાપક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરવાની તક પૂરી પાડશે.

. . . . . . . . . . . . . . . . . . .

# BIHAR CAMPAIGNING

બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે પ્રચાર આજે સાંજે સમાપ્ત થશે. આ તબક્કામાં , 11 નવેમ્બરના રોજ 20 જિલ્લાઓમાં ફેલાયેલા 122 વિધાનસભા મતવિસ્તારોમાં મતદાન થશે. અંતિમ તબક્કામાં , 3.7 કરોડથી વધુ મતદારો 136 મહિલાઓ સહિત 1,302 ઉમેદવારોનું ચૂંટણી ભાવિ નક્કી કરશે. આજે પ્રચારના છેલ્લા દિવસે , વરિષ્ઠ પ્રચારકો, સ્ટાર પ્રચારકો અને NDA, મહાગઠબંધન અને અન્ય પક્ષોના ટોચના નેતાઓ અનેક જાહેર સભાઓ અને ચૂંટણી રેલીઓને સંબોધિત કરશે.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાસારામ અને અરવલમાં જાહેર સભાઓને સંબોધિત કરશે. ભાજપના વરિષ્ઠ નેતા અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ ઔરંગાબાદ અને કૈમુરમાં બે રેલીઓને સંબોધિત કરશે. JD(U) પ્રમુખ અને મુખ્યમંત્રી નીતિશ કુમાર ઔરંગાબાદ , ગયા અને કૈમુરમાં અનેક ચૂંટણી રેલીઓ કરશે. દરમિયાન, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અને વરિષ્ઠ ભાજપ નેતા યોગી આદિત્યનાથ અરરિયા, સુપૌલ અને મધુબની જિલ્લામાં અનેક જાહેર સભાઓમાં ભાગ લેશે. મહાગઠબંધનમાંથી , કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી પૂર્ણિયા અને કિશનગંજમાં જાહેર સભાઓને સંબોધિત કરશે. આરજેડી નેતા તેજસ્વી પ્રસાદ યાદવ ભભુઆ, રોહતાસ અને ઔરંગાબાદમાં 11 જાહેર સભાઓને સંબોધિત કરશે. જન સુરાજ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોર, બસપા, એઆઈએમઆઈએમ અને અન્ય પક્ષોના સ્ટાર પ્રચારકો, પ્રચારના આ અંતિમ દિવસે તીવ્ર ચૂંટણી રેલીઓ , જાહેર સભાઓ અને રોડ શોમાં પણ ભાગ લેશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . .

# IND-NZ-FREE TRADE

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે મુક્ત વેપાર કરાર પર ચોથા તબક્કાની વાટાઘાટો પૂર્ણ થઈ છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે વાટાઘાટો માલ અને સેવાઓમાં વેપાર, આર્થિક સહયોગ જેવા મુખ્ય ક્ષેત્રો પર કેન્દ્રિત હતી. બંને પક્ષોએ જણાવ્યું હતું કે ચર્ચાઓ સકારાત્મક હતી અને મજબૂત, આધુનિક અને સંતુલિત વેપાર ભાગીદારીના સહિયારા ધ્યેયને પ્રતિબિંબિત કરે છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ અને ન્યુઝીલેન્ડના વેપાર મંત્રી ટોડ મેક્લેએ અત્યાર સુધી થયેલી પ્રગતિનું સ્વાગત કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આ કરાર વેપારને પ્રોત્સાહન આપવા , રોકાણ આકર્ષવા, સપ્લાય ચેઇનને મજબૂત બનાવવામાં અને બંને દેશોમાં વ્યવસાયો માટે વધુ સારી બજાર એક્સેસ પ્રદાન કરવામાં મદદ કરશે. મંત્રાલયે જણાવ્યું હતું કે પ્રસ્તાવિત મુક્ત વેપાર કૃષિ, ખાદ્ય પ્રક્રિયા, નવીનીકરણીય ઉર્જા, ફાર્માસ્યુટિકલ્સ, શિક્ષણ અને સેવાઓ જેવા ક્ષેત્રોમાં નવી તકોની સંભાવના છે. બંને પક્ષોના લાભ માટે મુક્ત વેપાર કરારને ટૂંક સમયમાં અંતિમ સ્વરૂપ આપવાની પ્રતિબદ્ધતા પણ દોહરાવી હતી.

. . . . . . . . . . . . . . . . . . . .

# JUNAGADH BIRTHDAY

આજે જૂનાગઢ પોતાનો 78મો આઝાદ દિવસ મનાવશે. 15 ઓગસ્ટ 1947ના રોજ ભારત જ્યારે આઝાદ થયુ. ત્યારે જૂનાગઢના નવાબે જૂનાગઢ અને માણાવદરને પાકિસ્તાનમાં ભેળવવાની જાહેરાત કરી હતી . એ સમયે સરદાર વલ્લભભાઈ પટેલે કુનેહભરી રાજનીતિ અપનાવી આરજી હુકુમત સેનાની સ્થાપના કરી અને 84 દિવસની લડત બાદ 9 નવેમ્બર 1947ના રોજ જુનાગઢ નવાબી શાસનમાંથી મુક્ત થયું અને નવાબ લાહોર ચાલ્યા ગયા.

આમ જુનાગઢની સ્વતંત્રતામાં સરદાર પટેલનો સિંહ ફાળો હોય હોવાને કારણે જુનાગઢથી રાજ્યવ્યાપી યુનિટી માર્ચનો પ્રારંભ થશે. સરદાર પટેલની 150 મી જન્મ જયંતીની ઉજવણી થઇ રહી છે ત્યારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ જૂનાગઢના પ્રવાસે છે.

...................

# GST (FOOTWEAR)

નરેન્દ્ર મોદી સરકારે ઘણા ક્ષેત્રોમાં GST દરોમાં ઘટાડો કર્યો હોવાથી 22 સપ્ટેમ્બરના રોજ GST બચત ઉત્સવની શરૂઆત થઈ . આજે ફૂટવેર ક્ષેત્રમાં નવા GST દર નાગરિકોને કેવી રીતે ફાયદો થઈ રહ્યો છે તે અંગે અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ

(બાઇટ – દીપેન્દ્ર કુમાર)

. . . . . . . . . . . . . . . . . . . . .

# RUSSIA STRIKE- UKRAINE

રશિયાએ સમગ્ર રાત્રિ દરમ્યાન યુક્રેન પર ડ્રોન અને મિસાઇલોથી હુમલો કર્યો , જેમાં સાત લોકો માર્યા ગયા. બે પરમાણુ પાવર પ્લાન્ટના સબસ્ટેશનને પણ નિશાન બનાવવામાં આવ્યા. યુક્રેનના વિદેશમંત્રી એન્ડ્રી સિબિહાએ જણાવ્યું હતું કે આ હુમલા પૂર્વયોજિત હતા અને રશિયા જાણી જોઈને યુરોપમાં પરમાણુ સુરક્ષાને જોખમમાં મૂકી રહ્યું હતું. નીપર શહેરમાં ડ્રોન હુમલામાં ત્રણ લોકો માર્યા ગયા અને 12 ઘાયલ થયા. ખાર્કિવ ક્ષેત્રમાં એક અને ઝાપોરિઝ્ઝિયા ક્ષેત્રમાં ત્રણ વ્યક્તિઓ માર્યા ગયા.

રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે રશિયાએ 450 થી વધુ ડ્રોન અને 45 મિસાઇલો છોડ્યા. સ્થાનિક મીડિયા અનુસાર , ખાર્કિવ અને પોલ્ટાવામાં બ્લેકઆઉટ ચાલુ રહ્યો. શ્રી ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે રશિયા પર પ્રતિબંધોનું દબાણ વધુ વધારવું જોઈએ.

. . . . . . . . . . . . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિદ્ધી ઉંધાડ

- આજના મોટાભાગના અખબારોએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમાચારોની હેડલાઈન બનાવી છે..
- દિવ્ય ભાસ્કર લખે છે સંસદનું સત્ર 1થી 19 ડિસેમ્બર સુધી.... બિહાર મહાભારતમાં પહેલા તબક્કામાં વિપક્ષને 65 વોટનો આંચકો લાગ્યો... વડાપ્રધાન મોદીની બેતિયામાં છેલ્લી રેલી... પ્રિયંકા પણ મેદાનમાં...
- સંદેશ પ્રથમ પાને લખે છે અમેરિકી સરકાર પર નિર્ભર લોકોને વિઝા નહીં... બિહારને હવે કટ્ટા સરકાર નથી જોઈતી- મોદી...
- ગુજરાત સમાચારની હેડલાઈન છે- અમેરિકામાં શટડાઉનથી વધુ બે હજાર ફ્લાઈટ્સ રદ....અમેરિકાનો કોઈ પણ પ્રતિનિધિ જી20 પરિષદમાં હાજરી નહીં આપે- ટ્રમ્પ.....
- ફુલછાબ લખે છે- બિહારમાં રસ્તા પર મળી વીવીપેટ પાવતીઓ.... ડાયાબિટીસ , કેન્સર હોય તો યુએસમાં પ્રવેશ નહીં....
- નવગુજરાત સમય એક અહેવાલમાં લખે છે પીટીસીના બીજા વર્ષના વિદ્યાર્થીઓ પણ હવે ટેટ- 1 માટે લાયક ગણાશે...ધોરણ 10-12ની પરિક્ષા 26 ફેબ્રુઆરીથી 16 માર્ચ સુધી યોજાશે...

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .